હિરાનંદાની ફાઈનાન્શિયલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ

નોંધણીકૃત કાર્યાલયઃ 4થો માળ, સ્કોર્પિયો હાઉસ, સેંટ્રલ એવેન્યુ, હિરાનંદાની બિઝનેસ પાર્ક, પવઈ, મુંબઈ-400076.
કોર્પોરેટ કાર્યાલયઃ 9મો માળ, સિગ્મા, ટેકનોલોજી સ્ટ્રીટ, હિરાનંદાની ગાર્ડન્સ, પવઈ, મુંબઈ-400076.
ઈમેઈલઃ wecare@hfs.in | વેબસાઈટ: www.hfs.in | CIN: U65999MH2017PTC291060

HFS Hiranandani Financial Services

સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો

ઉત્પાદન	એપ્લિકેશન આઈડી (LOS ID)		લોનની રકમ	
☐ સિક્યોર્ડ બિઝનેસ લોન				

અરજદારનું નામ-	સહ- અરજદારનું નામ-	સહ- અરજદારનું નામ-
સીકેવાયસી નંબર-	સીકેવાયસી નંબર-	સીકેવાયસી નંબર-

ઘોષણા

હું/ અમે ઘોષિત કરીએ છીએ કે અરજી પત્રકમાં આપેલા સર્વ વિવરણ અને માહિતી સાચા, અચૂક અને સંપૂર્ણ છે અને તે મને/ અમને એચએફએસ આપવાનું નક્કી કરી શકે તે કોઈ પણ લોનનો આધાર બની શકે છે. હું/ અમે સમર્થન આપીએ છીએ કે મારી/ અમારી સામે કોઈ નાદારી કાર્યવાહી કરાઈ નથી કે મને/અમને ક્યારેય નાદાર જાહેર કરાયા નથી અને વધુમાં સમર્થન આપીએ છીએ કે મેં/અમે લોન દસ્તાવેજો વાંચ્યા છે અને તેમાંના મુદ્દાઓ સમજી લીધા છે. હું/ અમે એ પણ સમજીએ છીએ કે પ્રક્રિયા ફી પરત નહીં કરાશે.

હું/અમે વાકેફ છીએ કે એચએફએસ નિશ્ચિત વ્યાજ દર વિકલ્પ તેમ જ ફ્લોટિંગ વ્યાજ દર વિકલ્પ હેઠળ લોન ઓફર કરાય છે. હું/ અમે સંમતિ આપીએ છીએ કે એચએફએસ તેને જરૂરી જણાઈ શકે તે અનુસાર આ અરજી સંબંધમાં આવા સંદર્ભો લઈ શકે અને આવી પૂછપરછ કરી શકે છે. હું/ અમે બાંયધરી આપીએ છીએ કે મારા/ અમારા વ્યવસાય/ રોજગારમાં કોઈ પણ ફેરફાર સંબંધમાં એચએફએસને માહિતગાર કરીશું અને એચએફએસને આવશ્યક હોઈ શકે તે કોઈ પણ વધુ માહિતી પૂરી પાડીશું. હું/અમે અત્રે એચએફએસ પાસેથી ઉપલબ્ધ સુવિધાઓ સંબંધમાં સંબંધિત દસ્તાવેજો/ અરજી ફોર્મમાં મારા/ અમારા દ્વારા આપવામાં આવેલી માહિતી મને/અમને કોઈ પણ સૂચના આપ્યા વિના એચએફએસ અન્ય શાખાઓ, સબસિડિયરીઓ, સંલગ્નિતો, ક્રેડિટ બ્યુરો, રેટિંગ એજન્સીઓ, સેવા પ્રદાતાઓ, બેન્કો/ નાણાકીય સંસ્થાઓ, સરકાર/ નિયામક પ્રશાસનો અથવા થર્ડ પાર્ટીઓને કેવાયસી માહિતીની ખરાઈ માટે, આધાર ધારા 2016 અનુસાર યુઆઈડીએઆઈ પાસે આધારની ખરાઈ માટે અથવા સમયાંતરે સુધારણા અનુસાર, ધિરાણ જોખમ વિશ્લેષણ અથવા એચએફએસને અનુકૂળ જણાઈ શકે તે અન્ય સંબંધિત હેતુઓ માટે જાહેર કરવાની અધિકૃતિ અને સંમતિ આપીએ છીએ.

હું/ અમે ગોપનીયતાના વિશેષાધિકાર અને કરારની ગોપનીયતા માફ કરશે અને આવી ઘોષણા અમલી કોઈ પણ કાયદા, નિયમ, નિયમનનું ઉલ્લંઘન નહીં ગણાશે. એચએફએસ આ અરજી ધ્યાનમાં લેવા માટે કોઈ પણ સ્રોત/ વ્યક્તિ પાસેથી માહિતી મગાવી/ પ્રાપ્ત કરી શકે છે. હું/ અમે વધુમાં સંમતિ આપીએ છીએ કે મારી/ અમારી લોન એચએફએસના નિયમો દ્વારા શાસિત રહેશે, જે આ અરજી કરવા સમયે અમલી હોય અને જજે એચએફએસની એકમેવ મરજીથી ભવિષ્યમાં ફેરફાર થઈ શકે અને એચએફએસ તેની પર કોઈપણ કરણ આપ્યા વિના મારી/ અમારી અરજી નકારવા માટે હકદાર રહેશે. હું/ અમે અત્રે સમર્થન આપીએ છીએ કે હું/ અમે ______________ ભાષા સારી રીતે જાણીએ અને સમજીએ છીએ અને લોન કરાર, તેનાં બીડાણો, સૂચનાઓ અને અન્ય સુસંગત અને મને સમજાવવામાં આવનારા સુસંગત દસ્તાવેજોની નકલને મર્યાદિત નહીં પણ તેના સહિત સર્વ ભાવિ સંદેશવ્યવહાર મારી અગ્રતાની ભાષામાં કરવા ચાહીએ છીએ.

તમારી સાથે અમારા સંબંધ માટે યોગ્ય પ્રમાણમાં મારી/ અમારી અંગત માહિતી નિમ્નલિખિત હેતુઓ માટે આદાનપ્રદાન કરાઈ શકે છેઃ (એ) આતંકવાદ વિરોધી, કેવાયસી, એન્ટી- મની લોન્ડરિંગ અને કર જાણકારી નિયમો અને નિયમનો સહિત લાગુ કાયદા, નિયમ અને નિયમનોનું પાલન કરવા, (બી) તેને જરૂરી જણાઈ શકે તે અનુસાર આ લોનની અરજી સંબંધમાં આવા સંદર્ભો લેવા અને આવી પૂછપરછ કરવી અને જનતા, નિયામક અથવા સરકારી પ્રશાસન (તમારા નિવાસી દેશની બહાર પ્રશાસન સહિત) પાસેથી વિનંતીના પ્રતિસાદ માટે કાનૂની પ્રક્રિયાનું પાલન કરશે અને અમને ઉપાયો કરવા અને હાનિ મર્યાદિત કરવા દેશે, (સી) અમારા કોઈ પણ સહયોગીઓ/ સંલગ્નિતો/ સમૂહ કંપનીઓને નિર્ધારિત આઉટસોર્સ્ડ કામગીરીઓ પાર પાડવા દેશે, જેથી તેઓ ડેટા વિશ્લેષણ, ઓડિટ્સ, નવી પ્રોડક્ટો અને સેવાઓની સુધારણા વગેરે જેવી આંતરિક વેપાર પ્રક્રિયાઓ (જે લેણદેણને અનુકૂળતા આપે છે) હાથ ધરી શકે, (ડી) અમારા કોઈ પણ સહયોગીઓ/ સંલગ્નિતો/ સમૂહ કંપનીઓ તમને યોગ્ય પ્રોડક્ટો અને સેવાઓ પૂરી પાડવા માટે અભિમુખ બનાવી શકે. તમને તમારી અંગત માહિતી ભેગી, ઉપયોગ, પ્રક્રિયા અને આદાનપ્રદાન કરવા તમારી સંમતિ નહીં પૂરી પાડવા (અથવા કોઈ પણ સમયે લેખિત સૂચના દ્વારા પાછી ખેંચવા)નો અધિકાર છે. જો તમે તમારી સંમતિ નહીં પૂરી પાડવાનું (અથવા પાછી ખેંચવાનું) નક્કી કરો તો અમે તમને અમુક પ્રોડક્ટો અને સેવાઓ પૂરી નહીં પાડી શકીએ.

લોન માટે તમારું અરજી ફોર્મ પ્રાપ્ત થવું તેનો અર્થ તમારી લોન આપોઆપ મંજૂર થઈ છે એવો નથી. એચએફએસ અરજી સંબંધમાં ભેગા કરાયા હોય તે સિવાયના વધારાના દસ્તાવેજો માટે વિનંતી કરી શકે છે.

હું/ અમે વધુમાં સંમતિ/ સમર્થન આપીએ છીએ કેઃ એ. એચએફએસનો પ્રતિનિધિ/ કર્મચારી આ લોનની અરજી સાથે અથવા સંબંધમાં રોકડ અથવા કોઈ પણ પ્રકારે કોઈ પણ પેમેન્ટ પ્રાપ્ત નહીં કરશે. બી. એચએફએસ અથવા તેના કોઈ પણ પ્રતિનિધિ દ્વારા મને/ અમે ડિસ્કાઉન્ટ કે ફ્રી ગિફ્ટ કે કોઈ પણ અન્ય વચન અપાયું નથી. સી. એચએફએસ અધૂરું/ ખામીયુક્ત અરજી ફોર્મ પ્રક્રિયા નહીં કરશે, જે માટે જો મને/ અમે કોઈ પણ નુકસાન કે વિલંબ થાય તો હું/ અમે આવા નુકસાન કે વિલંબ માટે એચએફએસને ઉત્તરદાયી નહીં ગણીશું. ડી. અરજી પર નિર્ણય અંગે અરજીની પ્રાપ્તિ અને સર્વ અન્ય સમર્થક દસ્તાવેજોની પ્રાપ્તિના મહત્તમ 30 દિવસમાં જાણ કરાશે.

સૌથી મહત્વપૂર્ણ નિયમો

તમારી લોન અરજી માટે તમારો આભાર. એચએફએસની પ્રોડક્ટ વિશિષ્ટતાઓ સંબંધમાં સ્પષ્ટતાની ખાતરી રાખવા માટે તમને નિમ્નલિખિત ધ્યાનથી વાંચવાની અને તે તમને સ્વીકાર્ય હોય તો સહી કરવાની વિનંતી છે. કૃપા કરી તમારા ભવિષ્યના સંદર્ભ માટે આ દસ્તાવેજની નકલ જાળવી રાખો.

1. *ભેગી કરવામાં આવનારી પ્રક્રિયા ફી પ્રકારમાં નોન- રિફંડેબલ છે.
2. ઉપલબ્ધ લોન સુવિધાને લાગુ વ્યાજ દર વિતરણ(ણો)ની તારીખ(ખો) પર પ્રવર્તમાન અનુસાર રહેશે અને આવી પાત્રતા, ધિરાણમૂલ્ય, જોખમ રૂપરેખા, સલામતી, પુનઃચુકવણીનો ટ્રેક રેકોર્ડ, બહારી રેટિંગ્સ વગેરે પર ગ્રાહકોના કંપની દ્વારા મૂલ્યાંકન સાથોસાથ પર આધારિત રહેશે. કંપની દ્વારા અપનાવવામાં આવેલા વ્યાજ દર મોડેલને આધારે તે પ્રોડક્ટ અને મુદત માટે વ્યાજ દર તથાકથિત પરિબળોને આધારે અલગ અલગ ગ્રાહકો માટે ભિન્ન હોઈ શકે છે.
3. આ પત્ર પર સહી કરીને હું/ અમે સમર્થન આપીએ છીએ કે મેં/ અમે તથાકથિત અનુસાર અરજી ફોર્મના મુદ્દાઓ વાંચ્યા અને સમજ્યા છે અને જાહેર કરીએ છીએ કે તેના હેઠળ આપેલી સર્વ માહિતી સાચી અને અચૂક છે અને વધુમાં તે માટે સંમત, પહોંચ, સ્વીકૃતિ અને સંમતિ આપીએ છીએ.
4. હું/ અમે મારો/ અમારો ક્રેડિટ ઈતિહાસ કોઈ પણ નોંધણીકૃત ક્રેડિટ બ્યુરો પાસેથી કઢાવવા માટે એચએફએસને અધિકૃતિ આપીએ છીએ.
5. હું/ અમે અત્રે લોનની મુદત દરમિયાન કોઈ પણ સમયે સીકેવાયસીઆર પાસેથી મારી/ અમારી નોંધને પહોંચ અને ડાઉનલોડ કરવા માટે મારી/ અમારી વિશિષ્ટ સંમતિ આપીએ છીએ.
6. હું/ અમે વધુમાં ઘોષિત કરીએ છીએ કે હું/ અમે આ અરજી ફોર્મમાં પૂરા પાડવામાં આવેલા વિવરણ અને માહિતીમાં કોઈ પણ ફેરફાર વિશે એચએફએસને જાણકારી આપીશું.

*ઉક્ત ફી અને શુલ્કમાં સુસંગત કરો, શિક્ષણ વેરો અને અન્ય સરકારી કરો, લેવીઓ વગેરે સમાવિષ્ટ નથી. સુસંગત શુલ્ક લાગુ મુજબ શુલ્કની સમયસૂચિ અનુસાર રહેશે. તે કંપનીની વેબસાઈટ www.hfs.in પર જોઈ શકાશે.

અરજદારની સહી	સહ- અરજદારની સહી	સહ- અરજદારની સહી
બિન- વ્યક્તિગત અરજદાર/ સહ- અરજદારના કિસ્સામાં સહી સાથે મુદ્રા લગાવો.	બિન- વ્યક્તિગત અરજદાર/ સહ- અરજદારના કિસ્સામાં સહી સાથે મુદ્રા લગાવો.	બિન- વ્યક્તિગત અરજદાર/ સહ- અરજદારના કિસ્સામાં સહી સાથે મુદ્રા લગાવો.
શાખાનું નામ	**આરએમનું નામ**	**આરએમ કોડ**

તારીખ D D M M Y Y Y Y

શુલ્ક (સર્વ શુલ્ક નોન- રિફંડેબલ છે) (વત્તા લાગુ કરો)

1. પ્રક્રિયા ફી (નોન- રિફંડેબલ): લોનની રકમના 4% સુધી અથવા રૂ. 18,000/-માંથી જે પણ ઉચ્ચ હોય.	7. અન્ય દસ્તાવેજ શુલ્કઃ રૂ. 500/-.
2. હપ્તો બાઉન્સ થવાનું શુલ્કઃ બાઉન્સ દીઠ રૂ. 1000/- સુધી.	8. સ્ટેમ્પ ડ્યુટી અને અન્ય કાનૂની શુલ્કઃ વાસ્તવિકે રાજ્યના કાયદા અનુસાર લાગુ થશે.
3. વાર્ષિક અકાઉન્ટ નિવેદન/ પુનઃચુકવણી સમયસૂચિ/ પ્રોવિઝનલ ટેક્સ સર્ટિફિકેટ/ એલઓડી/ ફોરક્લોઝર પત્ર/ વેલ્કમ લેટર. દરેક 12 મહિને એક વાર જારી કરવા માટે શૂન્ય. ત્યાર પછી/ ડુપ્લિકેટની વિનંતી- દસ્તાવેજ દીઠ રૂ. 500/-	9. વિતરણ પશ્ચાત દસ્તાવેજની શરતોન પાલન નહીં કરવા પર અથવા અહીં ઉલ્લેખિત નથી એવા કોઈ પણ અન્ય ભૌતિક નિયમો અથવા કરારના ભંગ માટે દંડનીય શુલ્ક. એ. રૂ. 10 લાખ સુધી લોન- મહત્તમ રૂ. 10,000/-ને આધીન લોનની રકમના વાર્ષિક 1%. બી. રૂ. 10 લાખથી વધુ લોન- મહત્તમ રૂ. 25,000/-ને આધીન લોનની રકમના વાર્ષિક 1%. વિલંબ ચુકવણી દંડ શુલ્કઃ ચડત ચુકવણીના દિવસોની વાસ્તવિક સંખ્યા માટે ચડત રકમ પર માસિક 2%.
4. લોન રદ શુલ્કઃ રૂ. 5000/- ઉપરાંત, વ્યાજ લોન વિતરણ તારીખ અને લોન રદ તારીખ વચ્ચેના વચગાળાના સમયગાળા માટે લાગુ થશે. બાકી ટ્રાન્સફર કેસીસ માટે પ્રક્રિયા ફી રિફંડ નહીં કરાશે.	10. એડહોક નિવેદન જારી શુલ્કઃ દસ્તાવેજ દીઠ રૂ. 500.
5. દસ્તાવેજ રિટ્રાઈવલ શુલ્કઃ રિટ્રાઈવલ દીઠ રૂ. 1000/-. 6. ચેક/ ઈન્સ્ટ્રુમેન્ટ સ્વેપ શુલ્કઃ કેસ દીઠ રૂ. 500/-	11. પૂર્વ-ચુકવણી/ આંશિક- પૂર્વ-ચુકવણી/ ફોરક્લોઝર માટે શુલ્ક અને લાગુ શરતોઃ એ. 12 ઈએમઆઈ ચૂકવવા પૂર્વે પૂર્વ- ચુકવણી/ આંશિક પૂર્વ-ચુકવણી મંજૂર નથી. બી. 12 ઈએમઆઈ ચૂકવ્યા પછી પૂર્વ- ચુકવણી/ આંશિક પૂર્વ-ચુકવણી. મૂળ બાકી રકમ/પૂર્વચુકવણી કરાયેલી રકમના 6% સુધી પૂર્વ-ચુકવણી શુલ્ક. પૂર્વ-ચુકવણી માટે શરત(તો): *મૂળ બાકી રકમના મહત્તમ 25% દરેક 12 (બાર) મહિનામાં એક વાર પૂર્વચુકવણી કરાઈ શકે છે. સી. ઉક્ત વ્યાજની લોનના નિશ્ચિત દર માટે લાગુ રહેશે. ડી. ઉક્ત જોગવાઈઓ ફ્લોટિંગ દરની લોન માટે લાગુ નહીં રહેશે, સિવાય કે વ્યક્તિગતો અથવા માઈક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઈઝીસ (એમએસઈ)ને વેપાર હેતુ માટે રૂ. 50 લાખથી વધુ લોન મંજૂર કરવામાં આવી હોય.

નોંધઃ વિગતવાર ફી અને શુલ્ક માટે કૃપા કરી વેબસાઈટ www.hfs.in પર મૂકવામાં આવ્યા મુજબ ફી અને શુલ્કની સમયસૂચિ જુઓ.

ગ્રાહક પહોંચ

HFS | Hiranandani Financial Services

હિરાનંદાની ફાઈનાન્શિયલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ
ધણીકૃત કાર્યાલયઃ 4થો માળ, સ્કોર્પિયો હાઉસ, સેંટ્રલ એવેન્યુ, હિરાનંદાની બિઝનેસ પાર્ક, પવઈ, મુંબઈ-400076. | કોર્પોરેટ કાર્યાલયઃ 9મો માળ, સિગ્મા, ટેકનોલોજી સ્ટ્રીટ, હિરાનંદાની ગાર્ડન્સ, પવઈ, મુંબઈ-400076.
ઈમેઈલઃ wecare@hfs.in | વેબસાઈટ: www.hfs.in. | CIN: U65999MH2017PTC291060

તમારી લોનની અરજી પ્રાપ્ત થઈ હોવા બાબતે અમે પહોંચ આપીએ છીએ.

અરજીની આઈડી (LOS ID) ____________

અરજદારનું નામ ____________

રિલેશનશિપ મેનેજરનું નામ ____________ તારીખ D D M M Y Y Y Y

રિલેશનશિપ મેનેજરનો મોબાઈલ નં. ____________

નોંધઃ

1. ક્રેડિટ અપ્રેઈઝલ અને નિર્ણય હિરાનંદાની ફાઈનાન્શિયલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ (એચએફએસ)ની એકમેવ મરજી પર રહેશે.
2. આ અરજી પ્રાપ્ત કર્યાની ફક્ત નોંધ છે અને પ્રસ્તાવ અમે સ્વીકાર્યો છે એવો સંકેત તરીકે માની નહીં લેવું જોઈએ.
3. અરજી પર નિર્ણય અરજીની પ્રાપ્તિ અને સર્વ અન્ય સમર્થક દસ્તાવેજોની પ્રાપ્તિના મહત્તમ 30 દિવસમાં જાણ કરાશે. જો કોઈ પૂછપરછ કરવી હોય તો કૃપા કરી અમને wecare@hfs.in પર લખો.